# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

મુખ્ય સમાચાર

(મ્યુસિક અંડરપ્લે )

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પંજાબના આદમપુર એરબેઝની મુલાકાત લઈ સેનાના જવાનોનો જુસ્સો વધાર્યો.**

2. **જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર**

3. **પંજાબમાં કથિત રીતે ઝેરી કેફી દ્રવ્ય પીવાના કારણે અંદાજે 14-ના મોત.**

4. **CBSE ધોરણ 12 બોર્ડનું પરિણામ જાહેર- વિદ્યાર્થીઓની સરખામણીએ 5.94 ટકા વધુ વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ.**

5. **ફ્રાન્સમાં 78-મા કાન ફિલ્મ મહોત્સવનો આજથી આરંભ.**

---

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય સેનાના જવાનોનો જુસ્સો વધાર્યો હતો. શ્રી મોદી આજે સવારે પંજાબના આદમપુર એરબેઝ પર જવાનોને મળવા પહોંચ્યા હતા.

સોશિયલ મીડિયા સંદેશમાં જવાનો સાથેની તસવીર શેર કરતા શ્રી મોદીએ કહ્યું, આજે સવારે તેઓ A.F.S. આદમપુર ખાતે આપણા બહાદુર વાયુ સેનાના યોદ્ધાઓ અને જવાનો સાથે મુલાકાત કરી. શ્રી મોદીએ સાહસ, દ્રઢ સંકલ્પ અને બહાદુરીના પ્રતિક સમાન આ જવાનો સાથેની મુલાકાતને વિશેષ અનુભવ ગણાવ્યો.

# SHIVRAJ SINGH CHAUHAN RAIPUR

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે છત્તીસગઢના રાયપુરમાં રાજ્ય સરકાર દ્વારા લાગુ કરાયેલી કેન્દ્રીય યોજનાઓની સમીક્ષા કરશે. આ પહેલા શ્રી ચૌહાણ સચિવાલય પરિસરમાં વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ અંબિકાપુરમાં પીજી યુનિવર્સિટી મેદાનમાં યોજાયેલા ‘મોર આવાસ મોર અધિકાર’ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. દરમિયાન શ્રી ચૌહાણ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામી અને પીએમ જનમનના આવાસના હિસ્સેદારોને ઘરની ચાવી સોંપશે.

શ્રી ચૌહાણ આવાસ નિર્માણ શરૂ કરનારા હિતધારકો માટે ભૂમિપૂજન કરી તેમને આવાસ સ્વીકૃતિ પત્ર એનાયત કરશે. કેન્દ્રીય મંત્રી રાજ્યમાં નવનિર્મિત 51 હજાર પ્રધાનમંત્રી આવાસ યોજનાના હિતધારકોનો ગૃહપ્રવેશ પણ કરાવશે. ઉપરાંત ઉત્કૃષ્ટ કાર્ય કરનારા સ્વસહાય જૂથના સભ્યો અને લખપતિ દીદીઓને સન્માનિત કરશે.

# JK GUNFIGHT

જમ્મુ-કાશ્મીરમાં શોપિયાં જિલ્લામાં શુકરુ કેલર જંગલ વિસ્તારમાં આજે સવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ, આ અથડામણમાં ત્રણ આતંકી ઠાર મરાયા છે. હાલમાં આ વિસ્તારમાં તપાસ અભિયાન ચાલી રહ્યું છે. આ પહેલા પોલીસ, સેના અને કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPFના સંયુક્ત દળે આ વિસ્તારમાં આતંકવાદીઓ છૂપાયા હોવાની માહિતી મળતા તપાસ અભિયાન અને ઘેરાબંધી શરૂ કરી હતી.

સંયુક્ત દળ શંકાસ્પદ સ્થળ પર પહોંચતાં જ તરત છૂપાયેલા આતંકવાદીઓએ તેમની પર ગોળીબાર શરૂ કરી દેતા અથડામણ શરૂ થઈ હતી. આ અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# PUNJAB LIQUOR DEATH

પંજાબમાં અમૃતસર જિલ્લાના મજીઠા ખાતે કથિત રીતે ઝેરી કેફી દ્રવ્ય પીવાના કારણે અંદાજે 14 લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે છ અન્ય લોકોને હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. અમૃતસરનાં નાયબ કમિશનર સાક્ષી સાહનીએ કહ્યું, આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં અત્યાર સુધી 14 લોકોના મોત થયાની પુષ્ટિ થઈ છે. તેમણે કહ્યું, સરકાર તમામ લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડશે.

નાયબ કમિશનરે કહ્યું, અસરગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક તબીબી ટુકડીને મોકલવામાં આવી છે અને તે ઘરેઘરે જઈને માહિતી મેળવી રહી છે. તેમણે ઉમેર્યું, કથિત રીતે ઝેરી કેફી દ્રવ્યનો પૂરવઠો પૂરો પાડનારા લોકોની ધરપકડ કરવામાં આવી છે અને આગળની તપાસ ચાલી રહી છે.

# CBSE RESULT

CBSE- કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ 12નું પરિણામ જાહેર કર્યું છે. આ વખતે પરીક્ષામાં કુલ 88.39 ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે, જે ગત વર્ષની સરખામણીએ 0.41 ટકા વધુ છે. આ વખતે વિદ્યાર્થીઓની સરખામણીએ 5.94 ટકા વધુ વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ થઈ છે.

આ પરીક્ષામાં વિજયવાડા ક્ષેત્રના સૌથી વધુ 99.60 ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જ્યારે ત્રિવેન્દ્રમ્-ના 99.32 ટકા અને ચેન્નઈના 97.39 ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા. વિદ્યાર્થીઓ WWW.RESULTS.NIC.IN અને WWW.CBSE.GOV.IN વેબસાઈટ પર પરિણામ જોઈ શકશે. ઉલ્લેખનીય છે કે, આ વખતે 16 લાખ 92 હજાર 794 વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા આપી હતી.

# CANNES FILM FESTIVAL

ફ્રાન્સમાં આજથી 78-મા કાન ફિલ્મ મહોત્સવનો આરંભ થઈ રહ્યો છે. 12 દિવસના આ મહોત્સવમાં મોટી સંખ્યામાં પ્રખ્યાત હસ્તિઓ, અભિનેતા અને ફિલ્મનિર્માતા ભાગ લેશે.

આ વર્ષે મહોત્સવની વિષયવસ્તુ ‘પ્રકાશ, સૌંદર્ય અને ક્રિયા – એક શક્તિશાળી દર્શન, જે આત્મવિશ્વાસ, આત્મસન્માન અને એ વિશ્વાસ પર આધારિત છે કે, પ્રત્યેક વ્યક્તિ સ્વાભાવિકપણે તેના યોગ્ય છે. વર્ષના સૌથી મોટા ફિલ્મ મહોત્સવ કાન્સ પ્રખ્યાત હસ્તિઓ માટે પોતાના વિશેષ વસ્ત્ર પરિધાન માટે મંચ પૂરો પાડે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TRUMP DRUG PRICES

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે દવાઓની કિંમતને ઘટાડવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. આ આદેશમાં દવા કંપનીઓ અન્ય વિકસિત દેશોની સમાન કિંમતે દવાઓ પૂરી પાડે તેવી માગ કરવામાં આવી છે. આ માટે આરોગ્ય સેવા મંત્રી રૉબર્ટ એફ. કેનેડી જૂનિયર એક તંત્ર સ્થાપિત કરશે. તેના માધ્યમથી અમેરિકી દર્દીઓ દવાના ઉત્પાદકો સાથે દવાઓની સીધી જ ખરીદી કરી શકે છે.

પશ્ચિમ એશિયાના પ્રવાસે જતા પહેલા વ્હાઈટ હાઉસમાં શ્રી ટ્રમ્પે સંવાદદાતાઓને જણાવ્યું, તેઓ વિશ્વમાં દવાઓ માટે સૌથી ઓછી કિંમત ચૂકવવા જઈ રહ્યા છે. દવા નિર્માતાઓએ અમેરિકા માટે દવાઓની કિંમત ઘટાડવી પડશે. નહીં તો તેમણે તપાસનો સામનો કરવો પડશે.

# US SANCTIONS IRAN

અમેરિકાએ ઈરાનના ત્રણ નાગરિક અને ઈરાનના પૂર્વ પરમાણુ હથિયાર કાર્યક્રમ SPND સાથે જોડાયેલા જૂથ પર પ્રતિબંધ લગાવ્યો છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યું, આ લોકો સામૂહિક વિનાશના હથિયારોના પ્રસારમાં સંકળાયેલા હતા. તેમણે ઈરાન પર 60 ટકા સુધી યૂરૅનિયમ સમૃદ્ધ કરવા અને પરમાણુ સામગ્રી મેળવવાના તેના પ્રયાસને છૂપાવવા નકલી કંપનીઓના ઉપયોગનો પણ આક્ષેપ લગાવ્યો.

શ્રી રૂબિયોએ કહ્યું, પ્રતિબંધ લગાવવાનો ઉદ્દેશ ઈરાનને પરમાણુ હથિયારનું સંશોધન કરતું તેમજ બૉમ્બ બનાવતા અટકાવવાનો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે પરોક્ષ રીતે ઓમાનમાં પરમાણુ સંવાદ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે.

# TRUMP-RIYADH

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજે રિયાધ જશે. તેમના બીજા કાર્યકાળ દરમિયાન શ્રી ટ્રમ્પની પશ્ચિમ એશિયાની આ પહેલી મુલાકાત હશે. તેમની ચાર દિવસની મુલાકાત દરમિયાન શ્રી ટ્રમ્પ સંયુક્ત આરબ અમીરાત, દોહા, કતાર અને અબુ ધાબીની મુલાકાત લેશે. રિયાધમાં અમેરિકન રાષ્ટ્રપતિ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાન  અને અખાતી દેશોના વેપાર અને ટેકનોલોજી ક્ષેત્રના પ્રતિનિધિઓને મળે તેવી અપેક્ષા છે. સાઉદી અરેબિયાએ આગામી ચાર વર્ષમાં અમેરિકામાં છસો અબજ યુએસ ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી છે. સાઉદી અરેબિયા આ વર્ષે અમેરિકા પાસેથી ત્રણ.પાંચ અબજ ડોલરના શસ્ત્રો ખરીદવાની પણ યોજના ધરાવે છે.

# AUSTRALIA TEST TEAM

ઑસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકા સામે રમાનારી વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે પોતાની 15 સભ્યની ટીમની જાહેરાત કરી છે. ટીમમાં એક વર્ષ બાદ ઑલરાઉન્ડર કેમરન ગ્રીન પરત ફરી રહ્યા છે. ગયા વર્ષે ગ્રીનની સર્જરી થવાના કારણે તેઓ ઓછામાં ઓછા છ મહિના સુધી મેદાનની બહાર રહ્યા હતા. એટલે જ તેઓ IPLની હાલની સીઝનમાં પણ ના રમી શક્યા.

દક્ષિણ આફ્રિકા સામે આગામી 11થી 15 જૂન સુધી રમાનારી વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં ઑસ્ટ્રેલિયાની ટીમમાં પેટ કમિન્સ સુકાની અને સ્ટિવ સ્મીથ ઉપ-સુકાની હશે.

# SPORTS ROUND UP

અને હવે રામતજગત અંગેના સમાચાર

બેંગ્કોકના પથુનવાનમાં થાઈલેન્ડ ઑપન સુપર 500 બેડમિન્ટન ટૂર્નામેન્ટનો આજથી આરંભ થશે. ભારતના આયૂષ શેટ્ટી, ઉન્નતી હુડ્ડા અને લક્ષ્ય સેન ટૂર્નામેન્ટમાં રમવા ઉતરશે. પોતાની શરૂઆતની મેચમાં આયૂષ ફિનલેન્ડના જોકિમ ઑલ્ડાર્ફ સામે રમશે. જ્યારે મહિલા સિંગલ્સ ક્વાલિફાયરમાં ઉન્નતી થાઈલેન્ડનાં થામોનવાન નિથિટિકરાઈ સામે રમશે.

ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સમાં મહારાષ્ટ્રનું જોરદાર પ્રદર્શન યથાવત્ છે. મહારાષ્ટ્ર-એ અત્યાર સુધી 33 સુવર્ણ, 26 રજત અને 25 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 84 ચંદ્રક જીત્યા છે. પૉઈન્ટ ટૅબલમાં મહારાષ્ટ્ર પહેલા, કર્ણાટક બીજા અને રાજસ્થાન ત્રીજા સ્થાન પર છે.

બીજી તરફ, ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ- BCCI-એ ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPL ટી-20 ક્રિકેટ 17 મેથી ફરી શરૂ થશે તેવી જાહેરાત કરી છે. ભારતના 'ઑપરેશન સિંદૂર' શરૂ થયા બાદ વર્તમાન IPL સિઝનને નવ મેએ એક સપ્તાહ માટે મોકૂફ રાખવામાં આવી હતી. જોકે, હવે 17મીએ બેંગ્લોરમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વચ્ચે મેચ રમાશે. જ્યારે મોહાલી અને ધરમશાલામાં IPLની કોઈ મેચ નહીં રમાય. IPLની ફાઈનલ મેચ હવે ત્રણ જૂને રમાશે. જ્યારે પ્લેઑફની મેચ 29 મે-એ રમાશે.

# EARLY TRADE

ભૂ-રાજકીય તણાવના કારણે આજે સ્થાનિક શેરબજારનો સૂચકાંક મંદીમાં ખૂલ્યો. છેલ્લા મળતાં અહેવાલ મુજબ સેન્સેક્સ 1150 પૉઈન્ટ ઘટીને અને નિફ્ટી 300 પૉઈન્ટ ઘટીને વેપાર કરી રહ્યો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય કાર્યવાહીને રોકવા અને અમેરિકા-ચીન વેપાર યુદ્ધમાં ઘટાડાના કારણે ગત કારોબારી સત્રમાં બજારોમાં ભારે તેજી જોવા મળી. તો સ્મૉલકૅપ અને મિડકૅપ શેર્સમાં સામાન્ય ખરીદી પણ રહી હતી.

મોટા ભાગના ઍશિયન શેરબજાર તેજી સાથે વેપાર કરી રહ્યા છે. ટોક્યો, બેંગ્કોક, સિયોલ અને શાંઘાઈ બજારમાં તેજી છે. રોકાણકારોએ અમેરિકા-ચીન વેપાર યુદ્ધમાં રાહતનું સ્વાગત કરતા અમેરિકન બજાર તેજી સાથે બંધ થયું.

# IMD-WEATHER

હવામાન વિભાગે ઝારખંડ અને પશ્ચિમ બંગાળના ગંગા ક્ષેત્રમાં આજે ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, પુડુચેરી અને બિહારમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે. પૂર્વ ઉત્તરપ્રદેશમાં રાત્રિ દરમિયાન હવામાન ગરમ રહી શકે છે.

દેશના ઉત્તર-પૂર્વ ભાગ, કેરળ, કર્ણાટક, રાયલસીમા, પૂર્વ રાજસ્થાન, કોંકણ અને ગોવા, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડા, છત્તીસગઢ અને વિદર્ભ અને ઓડિશામાં આજે ભારે પવન સાથે મધ્યમ વરસાદ અને મેઘાલયમાં ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આંદામાન દરિયા, બંગાળની ખાડી અને આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક ભાગમાં આગળ વધવાની શક્યતા છે.